# નારી : એક પ્રતાડિત અને વિલુપ્ત થતી પ્રજાતિ

**ઓશો વાણી**

મ નારીનું કોઈ અસ્તિત્વ જ નથી, માનું અસ્તિત્વ છે, બહેનનું અસ્તિત્વ છે, દીકરીનું અસ્તિત્વ છે, પત્નીનું અસ્તિવ છે. નારીનું કોઇ પણ અસ્તિત્વ જ નથી, નારી જેવું કોઇ વ્યકતિત્વ જ નથી. નારીની કોઈ અલગ ઓળખાણ નથી, નારીનું અસ્તિત્વ એટલું જ છે જેટલી માત્રામાં તે પુરુષ સાથે સંબંધિત હોય છે. પુરુષનો સંબંધ જ એનું અસ્તિત્વ છે. એનો પોતાનો કોઈ આત્મા નથી, આ ઘણું આશ્ચર્યજનક છે! પરંતુ આ એક કડવું સત્ય છે કે નારીનું અસ્તિત્વ એની માત્રા અને એના અનુપાતમાં હોય છે. જે અનુપાતમાં એ પુરુષ સાથે સંબંધિત હોય છે. પુરુષથી સંબંધિત ન હોય તો એવી નારીનું કોઈ અસ્તિત્વ જ નથી અને નારીનું જો અસ્તિત્વ જ ન હોય તો ક્રાંતિની તો શું વાત કરવી? એટલે પહેલા વાત તો એ સમજી લેવાની જરૂર છે કે, નારી હજુ સુધી પોતાના અસ્તિત્વને પણ સ્થાપિત નથી કરી શકી, એનું અસ્તિત્વ પુરુષના અસ્તિત્વમાં લીન છે. પુરુષનો એક હિસ્સો જ તેનું અસ્તિત્વ છે. સ્ત્રી પુરુષની છાયાથી વધારે એનું અસ્તિત્વ મેળવી શકી નથી એટલે જ્યાં પુરુષ હોય છે ત્યાં સ્ત્રી હોય છે, શાસ્ત્ર કહે છે, જ્યારે સ્ત્રી બાળપણમાં હોય છે ત્યારે પિતા એની રક્ષા કરે, યુવાન થાય ત્યારે પતિ રક્ષા કરે, વૃદ્ધ થાય ત્યારે પુત્ર રક્ષા કરે, બધા જ પુરુષ તેની રક્ષા કરે કારણ કે તેનું પોતાનું કોઈ અસ્તિત્વ જ નથી. રક્ષિતત્ત્વ છે તો એ છે અન્યથા નથી.

પહેલી વાત તો નારીનું પોતાનું કોઈ અસ્તિત્વ નથી અને જો તેણીએ તેના અસ્તિત્વની ઘોષણા કરવી હોય તો તેણે કહેવું પડશે કે હું, હું છું. કોઈની પત્ની નહીં, તેણીનું પત્ની હોવું ગૌણ છે. હું, હું છું. કોઈની મા નહીં, મા હોવું ગૌણ છે. હું, હું છું, કોઈની બહેન નહીં, બહેન હોવું ગૌણ છે. તે મારું અસ્તિત્વ નથી, મારા અસ્તિત્વના અનંત સંબંધોમાંનો એક સંબંધ છે.

એ સંબંધ છે, રીલેશનશીપ છે, પણ હું એ નથી. આ સ્પષ્ટ ભાવ આવનારી પેઢીની એક એક છોકરીઓમાં, એક એક યુવતીમાં, એક એક નારીમાં હોવો જોઇએ. મારું પણ પોતાનું અસ્તિત્વ છે. નારીએ રક્ષા માંગવી બંધ કરી દેવી જોઇએ. ઉચિત છે કે ગાળ સહન કરી લે, ઉચિત છે કે પથ્થર સહન કરી લે પરંતુ પુરુષની રક્ષાથી ઈનકાર કરી દેવો જોઇએ, તો નારીની શક્તિ અને નારીનું બળ જાગશે અને અસંભવ થઈ જશે વીસ વર્ષની અંદર કે રસ્તા ઉપર એનું કોઇ અપમાન કરી શકે પરંતુ નહીં, નારી પુરુષની રક્ષા માંગે છે અને આપણને ખબર જ નથી કે રક્ષા માંગવાવાળો સદા ગુલામ જ રહે છે. જે રક્ષા માંગશે તે ગુલામ થઈ જશે. જેની રક્ષા માંગશે એનો ગુલામ થઈ જશે. આ પ્રશ્ન એક પુરુષ બે પુરુષ 'અ' અને 'બ' નો નથી. આ પ્રશ્ન પુરુષની વૃત્તિનો છે. એટલે જ પુરુષ પાસેથી જ રક્ષા માંગવી એક શત્રુની શરણમાં જવા જેવું છે.

> “પિત નથી કરી શકી, એનું અસ્તિત્વ પુરુષના અસ્તિત્વમાં લીન છે. પુરુષનો એક હિસ્સો જ તેનું અસ્તિત્વ છે. સ્ત્રી પુરુષની છાયાથી વધારે એનું અસ્તિત્વ મેળવી શકી નથી એટલે જ્યાં પુરુષ હોય છે ત્યાં સ્ત્રી હોય છે”

નારીએ સમજી લેવું જોઇએ કે તેણે પોતાની રક્ષા પોતે જ કરવાની છે. આજે સમાજ ન તો આનંદિત છે, ન તો શાંત છે, ન તો પ્રફુલ્લિત છે. એકદમ ઉદાસ અને તૂટેલો છે, આપણે એવી રીતે જીવી રહ્યાં છીએ જેવું કે, જીવવું એક મજબૂરી છે. જીવન જો આનંદપૂર્ણ હોય તો જીવન જ મોક્ષ બની જાય છે, જીવન પરમાત્મા બની જાય છે. જીવનથી અતિરિકત ન કોઈ પરમાત્મા છે ન કોઈ મોક્ષ છે, આ જ ક્ષણ અને અત્યારે જ જે જીવન છે જે કોઇ પણ એને પૂર્ણ આનંદથી જીવે છે તે જ ક્ષણે પરમાત્મા સાક્ષાત ઉપલબ્ધ થઇ જાય છે. પણ આ મોટી ક્રાંતિમાં જ્યાં મનુષ્યનો સમાજ પરમાત્માની નિકટ પહોંચે ત્યાં નારી ઘણા અર્થોમાં સહયોગી થઇ શકે છે. નારીએ પોતાના આત્મા અને અસ્તિત્વની ઘોષણા કરવાની છે. નારીએ સંપત્તિ હોવાથી ઈનકાર કરવાનો છે. નારીએ પુરુષ દ્વારા બનાવેલાં વિધાનોને વર્ગીય ઘોષિત કરવાનું છે અને જાતે નિર્મિત કરવાનું છે કે પોતાના માટે કયું વિધાન ઊભું કરી શકે. નારીએ પ્રેમથી અતિરિક્ત જીવનની બધી જ વ્યવસ્થાને અનૈતિક ગણવાની છે. પ્રેમ જ નૈતિકતાનો મૂળ મંત્ર છે. જો આટલું થઇ શકે તો એક નવી નારીનો જન્મ થઇ શકે છે.

**(ઓશો : નારી ઓર ક્રાંતિ, પ્રવચન પાંચમાંથી સૌજન્ય : ઓશો ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)**



# ઈશ્વરનું સામીપ્ય સરળ અને સહજ કરતા મંત્રજાપ

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

જા પ, ધ્યાન, નામસ્મરણ એ ઈશ્વરનું સામીપ્ય સાધવાનાં માધ્યમો છે. નવધા ભક્તિમાં એક પ્રકાર નામસ્મરણ પણ છે. આપણા ઈષ્ટદેવને સ્મરવાના પ્રકારમાં કેટલાંક મોટેથી, રાગમાં, વાજિંત્રો સાથે તાલબદ્ધ કે શાંતિથી બેસી હોઠ હલાવ્યા વગર મનમાં સ્મરણ કરતા હોય છે. એને આપણે નામ-જાપ પણ કહીએ છીએ. ચોક્કસ અવધિ સુધીના નામસ્મરણ માટે આપણે હાથમાં માળા પણ રાખતા હોઈએ છીએ. સામાન્યરીતે ગૃહસ્થી ઘરના પૂજાઘર સામે કે એકાંતમાં જાપ જપતા હોય છે. એ પ્રકારે જાપના અનેક પ્રકાર શાસ્ત્રોમાં જોવા મળે છે. આપણે જાણતા હોવા છતાં નામથી કે પ્રકારથી કદાચ અજાણ્યા હોઈએ છીએ. અહીં સંક્ષિપ્તમાં એ અંગે સમજાવવાનો પ્રયાસ છે. મુખ્યત્વે તો જાપના ત્રણ પ્રકાર છે. વાચિક જાપ, માનસ જાપ અને ઉપાંશુ જાપ.

વિગતે જોઈએ તો વાચિક જાપ એટલે જાપ કરતી વખતે મોટેથી અવાજ આવે એ રીતે ઉચ્ચારણ થવું. ઘણા બધા વિદ્વાનોના મતે આ જાપની શ્રેણી ઉચ્ચ કોટિમાં ના આવી શકે, પણ મનુ મહારાજની દ્રષ્ટિએ આ સરળ અને સારો પ્રકાર છે. એનાથી મગજ સતેજ રહે છે અને મોઢાના સ્નાયુઓની એક પ્રકારની કસરત થાય છે. સાંભળનારને પણ મોટેથી થતા ઉચ્ચાર દ્વારા ધર્મલાભ પ્રાપ્ત થાય છે. શરીરને કેટલાક યૌગિક લાભ પણ થાય છે.

હવે માનસ જાપ વિશે જાણીએ તો જાપના પ્રકારમાં ઉત્તમ પ્રકારના જાપ તરીકેની ગણતરીમાં આવે છે. તમારા ઈષ્ટદેવના નામનો જાપ કરવા માટે માનસજાપ પ્રકાર શ્રેષ્ઠ ગણ્યો છે. જેમાં ધ્યાનમુદ્રામાં બેસીને ઉચ્ચારણના અવાજ વગર અને મોંની જીભ કે તાળવું હલાવ્યા વગર મનોમન જાપ કરાય છે. આમાં ધ્યાન સ્વરૂપે બંધ આંખે ઈષ્ટદેવનું સ્મરણ કરતાં જાપ કરવાના હોય છે. નિશ્ચિત જાપ માટે ગૌમુખીમાં માળા ફેરવતા ફેરવતા જાપ કરવાથી મનની સ્થિરતા, એકાગ્રતા કેળવાય છે. ઘરના, ઓફિસના કે વ્યવહારિક કે અન્યો કામોના વિચારોમાંથી મુક્ત થઈ ઈશ્વરીય શક્તિનું સામીપ્ય પામવા માટે માનસ જાપ ઉત્તમ છે.

અન્ય એક ઉપાંશુ જાપ પ્રકારનો આપણે આગળ ઉલ્લેખ કર્યો. માનસ જાપ પછીના ઉત્તમ ક્રમે ઉપાંશુ જાપને વિદ્વાનો સ્થાન આપે છે. આ પ્રકારમાં વાચિક જાપ અને માનસ જાપ વચ્ચેની સ્થિતિ હોય છે. મતલબ જાપ કરતી વખતે તમે ઉચ્ચાર કરો છો પણ પણ સ્વયં સાંભળી શકીએ એટલો તદ્દન ધીમો અવાજ આવતો હોય છે તો ક્યારેક અવાજ વગર તમે હોઠ અને જીભ હલાવીને જાપ કરતા હોવ છો. આમાં પણ ધ્યાનસ્થ અવસ્થા હોવી જરૂરી છે. મોઢાનાં અવયવોને તેથી પણ કસરત તો મળતી જ હોય છે સાથે મનની સ્થિરતા અને એકાગ્રતા જળવાઈ રહે છે.

ઉપરોક્ત મુખ્ય ત્રણ પ્રકાર પછી અનેક પ્રકારના મધ્યમ શ્રેણીના જાપનો ઉલ્લેખ ઉપનિષદોમાં જોવા મળે છે. નામ અને પ્રકારનો ઉલ્લેખ થશે ત્યારે તમને એવું લાગશે કે હા, એ તો હું જાણું છું.

**નિત્ય જાપ:** આપણે રોજબરોજની પૂજા વખતે કે ઈષ્ટદેવ સમક્ષ રોજ ન્હાઈ-ધોઈ શુદ્ધ ચિત્તે ભગવાનનું સ્મરણ કરતા નિત્ય કરાતા જાપને નિત્યજાપ કહે છે. જો કે એમાં વિઘ્ન આવતું હોય છે. બીમાર હોય કે બહારગામ જવાનું થયું હોય, ઘરમાં ચોખ્ખાઈ ના હોય કે એવા કોઈ વિઘ્ન આવે ત્યારે નિત્યજાપમાં બ્રેક પડી જતો હોય છે, પણ આપણી શુદ્ધ મનની સાત્ત્વિક ભાવના હોય છે ત્યારે પછીથી નિત્યક્રમે જપાતા જાપ થકી ભગવદ્ કૃપા બની જ રહે છે. ઘણા બધા ઘરના કેટલાક વડીલોને નિત્યજાપ વગર ચેન નથી પડતું.



> “આધારચક્રથી લઈને આજ્ઞાચક્ર સુધીનાં બધાં ચક્ર જાગૃત થઈ જતાં હોય છે અને શરીર વિશેષ પ્રકારની અનુભૂતિનો અનુભવ કરે છે. એવો પણ નિર્દેશ મળે છે કે ભ્રમરજાપ થકી સ્મરણશક્તિ વધે છે, બુદ્ધિબળ તેજ થાય છે. મનોવૃત્તિઓ નષ્ટ થાય છે”

કોઈ વિઘ્નને કારણે નિત્યજાપ ના થતા હોય તો **'ચલ જાપ'** દ્વારા હાલતા-ચાલતા, ઊઠતાં-બેસતાં ખાતા-પીતા, સૂતાં-જાગતાં, જ્યાં પણ સમય મળે ત્યારે નિત્ય જાપના બ્રેકની કસર પૂરી પાડવાનો પ્રયાસ થતો રહે છે. 'ચલ જાપ'થી તદ્દન વિરૂદ્ધ **'અચલ જાપ'** છે. જેમાં ચોક્કસ સ્થાને આસન પર ધ્યાનસ્થ મુદ્રામાં જાપ કરવાના હોય છે. આ અચલ જાપ વાચિક, માનસ અને ઉપાંશુ જાપને સ્પર્શતું જ નામ છે.

એક છે **નૈમિત્તિક જાપ** જે કોઈ નિમિત્તે કરવામાં આવતા જાપ છે. ખાસ કરીને પિતૃઓની તૃપ્તિ માટે, કોઈ નડતા ગ્રહોની શાંતિ નિમિત્તે પંડિતો, વિદ્વાનો કે જ્યોતિષીઓ દ્વારા દર્શાવેલ જાપ કરવાના હોય તો તે નૈમિત્તિક જાપ ગણાય છે. જેમાં કોઈ ચોક્કસ દિવસોમાં અમુક જાપ જપવાના હોય છે. જે શાંત ચિત્તે એકાગ્રતાથી જાપ જાપવાનું ફળ અવશ્ય મળતું હોય છે. અન્ય એક પ્રકાર **કામ્ય જાપ** છે. જે મનોકામનાની સિદ્ધિ માટે થતા હોય છે. પરીક્ષામાં સફળતા, મોટા ટેન્ડરની પ્રાપ્તિ માટે, નોકરીમાં પ્રમોશન કે ધંધાની વૃદ્ધિ જેવી માનવીની અનેક મનોકામનાઓ હોય છે તે નિમિત્તે પંડિત દ્વારા ચોક્કસ સંખ્યાના જાપ જપવાની સલાહ અપાતી હોય છે.

**પ્રાયશ્ચિત્ત જાપ** પણ એક પ્રકાર છે. આપણા હાથે જાણે-અજાણ્યે કોઈ પાપ થતાં દોષ લાગ્યો હોય તો તેના પશ્ચાત્તાપ માટે નિશ્ચિત સંખ્યાના જાપ કરવાથી પાપ-દોષથી મુક્ત થઈ શકાય છે. જો કે માણસ માત્ર ભૂલને પાત્રની ઉક્તિ મુજબ નાના-મોટા દોષ જેવા કે ભૂદેવનું અપમાન, ભૂખ્યાને ધુત્કારવા, કૂતરા-બિલાડા કે પ્રાણીઓને માર મારવા જેવાં જ નહિ પણ હાલતા-ચાલતા પણ જીવજંતુઓ આપણાથી મરી જાય તો આવાં દરેક પાપ-દોષ કે જે અજાણ્યે જ થતાં હોય છે તો તેના નિવારણ માટે આપણે જે નિત્ય જાપ કરીએ છીએ તેનું પણ એમાં મહત્ત્વ રહેલું છે.

**નિષિદ્ધ જાપ** વિશે પણ જાણવું જરૂરી એટલા માટે છે કે ક્યારેક ક્યાંક આપણને સ્પર્શે છે. જેમ નિષિદ્ધ કર્મ હોય છે દા.ત. અશુદ્ધ મંત્રોચ્ચાર કરવા, એક સાથે અનેક મંત્રો અવિધિસર કરાવવા કે માણસની ખુદની રુચિપૂર્વકની શુદ્ધતા, ચોખ્ખાઈ ના હોય ત્યારે કરાતા જાપ એ નિષિદ્ધ જાપનાં લક્ષણ છે. જેની ફલશ્રુતિરૂપ ફાયદો થવાને બદલે નુકસાન થવાની ભીતિ રહેલી હોય છે.

બહુ મહત્ત્વપૂર્ણ છે **ભ્રમર જાપ**, ભ્રમર એટલે કે ભમરાની જેમ માણસ જ્યારે મનોમન જાપ કરતા ગણગણાટ જેવો અવાજ હોઠ કે જીભ હલાવ્યા વગર કરતો હોય છે ત્યારે આંખ બંધ હોય છે અને એકાગ્રતાથી ભ્રમરગુંજન કરતા જાપ જપતો હોય છે ત્યારે તેનાં બધાં ચક્રો જાગૃત થઈ જતાં હોય છે. નાભિ, હૃદય, કંઠ, તાળવું અને મન-મગજ સુધીનો ભ્રૂમધ્ય ભાગ અધિકાધિક કાર્યાન્વિત થઈ જતાં હોય છે. આનાથી આધારચક્રથી લઈને આજ્ઞાચક્ર સુધીનાં બધાં ચક્ર જાગૃત થઈ જતાં હોય છે અને શરીર વિશેષ પ્રકારની અનુભૂતિનો અનુભવ કરે છે. એવો પણ નિર્દેશ મળે છે કે ભ્રમરજાપ થકી સ્મરણશક્તિ વધે છે, બુદ્ધિબળ તેજ થાય છે. મનોવૃત્તિઓ નષ્ટ થાય છે. યોગતારાવલી ગ્રંથમાં શંકરાચાર્યે કહ્યું છે કે શિવજીએ મનોલયના સવા લાખ ઉપાયોમાં નાદાનુસંધાનને શ્રેષ્ઠ ગણેલ છે. નાદાનુસંધાન એટલે કે ભ્રમરજાપ તમે શીખી ગયા તો પરબ્રહ્મ સુધીનો માર્ગ સરળ થઈ જાય છે. તપસ્વીઓ અને યોગીઓનો પસંદગીનો છે ભ્રમરજાપ. એ કઠીન નથી પણ રોજના ક્રમથી સરળ થઈ શકે છે.

**પ્રદક્ષિણા જપ** એ એવો પ્રકાર છે જે રુદ્રાક્ષ, તુલસી કે સ્ફટીકની માળા લઈ ઈષ્ટદેવનું નામ જપતા જપતા વડ, પીપળો, ઔદુમ્બર કે બિલ્વપત્રના વૃક્ષ અથવા તો મંદિર, ભાગવત કથાપીઠ કે એવી કોઈ જગ્યાએ પ્રદક્ષિણા કરવી. એ પછી સાધકની ઈચ્છા પર કે નિર્ધારિત સંખ્યાની માળા કરતા પ્રદક્ષિણા કરવાની હોય છે.

ખરેખર તો મંત્ર જાપ માટે એકાંત હોય ત્યારે સ્થિરતા અને એકાગ્રતા કેળવવી સરળ બની જતી હોય છે. મંદિરનો શાંત એરિયા, નદી કિનારો, વન જેવી પ્રકૃતિની ગોદમાં વિશિષ્ટ પ્રકારની ઊર્જાથી સાધક મંત્ર જાપ કરી શકે છે. બ્રહ્મમુહૂર્ત કે સંધ્યાનો સમય મંત્રજાપ માટે ઉત્તમ મનાયો છે. સામાન્ય રીતે મંત્રજાપ માટે તુલસીની માળા, ચંદનના મણકાની માળા, રુદ્રાક્ષની માળા, સ્ફટીકની માળા, સિસમના મણકાની માળા કે પરવાળાના મણકાની (મુંગા) માળા મંત્ર જાપ માટે વધુ ઉપયોગમાં લેવાય છે.

માળા ફેરવવા માટે તર્જનીનો નહિ પણ મધ્યમા એટલે કે વચલી આંગળીનો જ ઉપયોગ કરવો કારણ કે યજુર્વેદમાં કહ્યું છે કે 'હૃદિ તિષ્ઠદશાંગુલમ્' એટલે કે ભગવાનનું સ્થાન માણસના હૃદયમાં રહેલું છે. જાપ હૃદયને પ્રભાવિત કરી ઈશ્વર સુધી પહોંચાડવા માટે કરાતા હોય છે. વચલી આંગળીની ધમનીનો હૃદયપ્રદેશ સાથે સીધો જ સંબંધ છે એટલે મધ્યમા (વચલી) આંગળીનો ઉપયોગ જાપ કરતી વેળા માળા ફેરવવા માટે થાય છે.

સનાતનમાં જાપ માટે ૧૦૮, ૫૪ કે ૨૭ મણકાની માળા હોય છે. શીખ ધર્મમાં પણ એ જ રીતે ૧૦૮ મણકાની માળાનો ઉપયોગ થતો હોય છે તો મુસ્લિમ ધર્મમાં અલ્લાહની પ્રાર્થના માટેની માળાને તસ્બીહ કે મિસ્બાહા કહે છે જે સામાન્ય રીતે ૩૩ મણકાની હોય છે. જે ત્રણ વખત ફેરવીને ૯૯ વખતનો જાપ કરાતો હોય છે. જો કે ૧૦૧ મણકાની પણ માળા આ ધર્મમાં જોવા મળે છે. પથ્થર, કાચ અને મોતીની માળા ઉપરાંત શીયાપંથીઓમાં માટીના મણકાની માળા પણ વપરાતી જોવા મળે છે.

ખ્રિસ્તીઓમાં કેથોલિક સંપ્રદાયમાં 'રોઝરી' નામની ૫૩ નાના અને ૬ મોટા મણકા સાથે ૫૯ મણકાની માળા હોય છે તો ૧૫૦ મણકાની માળા પણ જોવા મળે છે. જો કે આ ધર્મના રોમન સાધુઓની ૧૮૦ મણકાની માળામાં ત્રણ મોટા મણકા દ્વારા ચાર ભાગમાં વિભાજીત થયેલી માળા પણ હોય છે. અહીં વિવિધ જાપ પ્રકાર સાથે જપમાળાની વાત ટૂંકમાં આવરી લેવાય છે કારણ કે દરેક ધર્મની જપમાળાનો એક લેખ લખી શકાય તેટલી માહિતી ઉપલબ્ધ છે પણ સ્થળસંકોચને કારણે ફરી ક્યારેક... અસ્તુ.

॥ कृष्णस्तु भगवान स्वयम् ॥

**લેખાંક-૯૭**

# અદભુત બાળચેષ્ટાઓ

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

અ ગાઉના લેખોમાં આપણે દામોદરલીલાની સાથે યમલાર્જુન વૃક્ષોમાંથી જે રીતે 'મણિગ્રીવ' અને 'નલકુબેર'ને મુક્તિ મળી તેનું રસપાન કર્યું. સાથે જ રાધાજી અને શ્રીકૃષ્ણના અલૌકિક પ્રેમનો અહેસાસ પણ કર્યો. આ કથા સમજ્યા પછી દરેક મનુષ્યે એટલી સમજણ તો કેળવવી જ જોઈએ કે હંમેશાં ધર્મને મોટો ભાઈ માનીને ચાલવું જોઈએ. ધન અને ઐશ્વર્યના અભિમાનમાં અધર્મના રસ્તે મદોન્મત્ત બનવાનું છોડી માત્ર ધર્મના રસ્તે ચાલતા જ શીખવું જોઈએ. આમ કરવાથી શ્રીકૃષ્ણ તમારા સારથી થઇ જશે. અતિચારમાં રાચતું આ શરીર જ જીવાત્માનો રથ છે અને તેને ચલાવનાર ઈન્દ્રિયો ઘોડારૂપ છે. આ ઈન્દ્રિયોની લગામ ભગવાનના હાથમાં આપી દો. પોતાના હાથમાં રાખશો તો આ ઈન્દ્રિયોરૂપી ઘોડા ખાડામાં નાખી દેશે.

જ્ઞાનીઓ બ્રહ્મનું ચિંતન કરતા બ્રહ્મમય થઇ શકે, ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે પરંતુ ઈશ્વરને બાંધવાની શક્તિ જ્ઞાનમાં નથી. માત્ર શુદ્ધ પ્રેમલક્ષણા ભક્તિ જ ભગવાનને બાંધી શકે. પ્રભુ પ્રેમ સિવાય બીજું કશું પણ માંગતા નથી. પૂર્ણ પ્રેમ વડે જો ભક્તિ કરવામાં આવે તો પરમાત્મા ભક્તો પાસે



દોડી આવે છે. ગીતાજીમાં (૧૮.૫૫) પણ ભગવાને કહ્યું છે, 'હું જેટલો છું, જેવો છું તેવો મને (તત્ત્વતઃ) ભક્તિ વડે જાણ'. ભગવાનનું યથાર્થ જ્ઞાન ભક્તિ વડે જ થાય છે. શાસ્ત્રો ફક્ત ઉદ્દીપકનું કામ કરે છે. બુદ્ધિ અને શ્રદ્ધાને ભક્તિમાં પ્રેરવાનું કામ કરે છે. આવો અદભુત લીલાવિહાર અહીં પ્રસ્થાપિત કર્યો છે.

આ પ્રસંગ પછી યશોદામૈયાએ ખૂબ ગમતી રાધાને પોતાને ત્યાં દરરોજ આવવાનું આમંત્રણ આપી દીધું. સાથે જ ભગવાન પણ, હવે કદાચ આ લોકો મને ઓળખી જશે તેવી શંકાથી ઘણી જ કાળજીપૂર્વક બાળચેષ્ટાઓ કરવા માંડ્યા. કોઈ વખત ગોપીઓ હાથની તાળીઓ પાડી ઉત્સાહ આપતી, ત્યારે ભગવાન સામાન્ય બાળકની જેમ નાચવા માંડતા, કોઈ વખત ઊંચા સ્વરમાં ગીતો ગાતાં. કોઈ વખત ગોપીઓ પાટલા- બાજઠ, થાળી, પવાલા વગેરે લાવવા માટે આજ્ઞા કરતી ત્યારે તે લાવવા માટે જાણે તેઓ અસમર્થ હોય તેવું વર્તન કરતા અને તે વસ્તુઓને પકડીને કેવળ ફરતા હતા પરંતુ ગોપીઓના હાથમાં સોંપતા નહોતા. કોઈ વખત પોતાના સંબંધીઓને અને ભક્તોને પ્રીતિ ઉપજાવવા હાથ ઉછાળતા હતા. આમ પોતાની બાળચેષ્ટાઓથી વ્રજને હર્ષ ઉપજાવતા હતા.

એક વખત રાધાજીએ આવીને યશોદાજીને કહ્યું કે, "મા લાલાને મારા ઘરે રમવા મોકલો". લાલાને પૂછ્યું કે, "લાલા તું મારા ઘરે આવીશ?"

ત્યારે કનૈયો પૂછે છે કે, "હું તારા ઘરે આવું તો મને શું આપીશ?" રાધાએ જવાબમાં કહ્યું કે 'માખણ'. ત્યારે કનૈયો પૂછે છે કે, "કેટલું માખણ?" ત્યારે રાધા સામું પૂછે છે કે, "લાલા તને કેટલું માખણ જોઈએ?"

ત્યારે લાલો બે હાથ પહોળા કરીને બતાવે છે કે આટલું બધું. રાધાજી પૂછે છે કે, "તું આટલું બધું માખણ ખાઈ શકીશ?" ત્યારે લાલો કહે છે કે, "હું તો મારા મિત્રોને ખવડાવીશ". રાધા વિચારે છે કે હું જો માખણ આપીશ તો કનૈયો માખણ લઈને ચાલ્યો જશે અને તેના મિત્રોને ખવડાવશે. મારે તો લાલાને બોલાવી તેની સાથે તેની કાલીઘેલી ભાષામાં વાત કરી આનંદ લેવો છે.

આ પ્રસંગે રાધાજી સાથે રહેલી લલિતા ગોપીએ કહ્યું, "લાલા તને જોઈએ તેટલું માખણ હું આપીશ પણ તારે મારું એક કામ કરવું પડશે. જા પેલો પાટલો લઇ આવ". કાળજીપૂર્વક બાળચેષ્ટાઓ કરતા લાલજી પાટલો ઊંચકીને આવે છે પરંતુ વજનદાર હોવાથી હાથમાંથી પડી જાય છે અને સાથે જ પીતાંબર પણ કેડમાંથી છૂટું પડી જાય છે. લાલો જેમતેમ પાટલો લઈને આવે છે ત્યારે ગોપી કહે છે કે, "લાલા તું થોડું નાચ, પછી હું તને માખણ આપું".

ત્યારે માખણના લોભના કારણે અને હવે કાળજીપૂર્વક બાળચેષ્ટાઓ કરવાની હોવાથી લાલો ગોપીઓ પાસે નાચે છે. જગતને નચાવનાર, જગતનો નાથ, નટખટ કનૈયો પ્રેમને વશ થઈને નિરાવરણ હોવા છતાં પણ ગોપી સામે નાચે છે.

> “રાધા વિચારે છે કે હું જો માખણ આપીશ તો કનૈયો માખણ લઈને ચાલ્યો જશે અને તેના મિત્રોને ખવડાવશે. મારે તો લાલાને બોલાવી તેની સાથે તેની કાલીઘેલી ભાષામાં વાત કરી આનંદ લેવો છે.”

આ સંબંધમાં રસખાન નામના કવિની સરસ પંક્તિઓ છે,

'નારદસે, શુક, વ્યાસ રટે,
પચિહારે તું પુની પાર ન પાવે,
તાહિ આહીરકી છોહારીયા
છછીયા ભરી, છાછ પે નાચ નચાવે'.

અર્થાત 'નારદ, શુકદેવ અને વ્યાસમુની જેમનું નામ રટણ કરે છે અને પ્રયત્ન કરવા છતાં પણ તેમનો પાર પામતા નથી, તે જ કૃષ્ણને આહીરોની કન્યાઓ વાડકી ભરેલી છાશ (માખણ) માટે નચાવે છે.'

એવું પ્રતીત થતું હતું કે ભગવાન જાણે આવી બાળચેષ્ટાઓ દ્વારા દાર્શનિકો અને સત્યની શોધ કરવાવાળા ઋષિઓને એવું બતાવવા માંગતા હતા કે પરમાત્મા એમના શુદ્ધ ભક્તોની ઈચ્છાઓ પૂરી કરવા માટે કેટલા વશીભૂત છે? જે મનુષ્ય એવી ભાવના કરે છે કે ભગવાન મારા હૃદયકમળમાં પધાર્યા છે, તેમને જ ક્યારેક દિવ્યલીલા અને તેમની હાજરીથી ઉદભવેલી સુગંધની અનુભૂતિ થાય છે. આનું કારણ એ છે કે ભગવાનના શ્રી અંગથી સુગંધ પ્રસરે છે અને માટે જ ભગવાનના દરેક અંગને કમળની ઉપમા આપવામાં આવી છે. કરકમળ, ચરણકમળ, નેત્રકમળ, મુખકમળ વગેરે અને અહીં તો ભગવાન પોતાના દરેક કમળઅંગો વડે પોતાની બાળચેષ્ટાઓથી વ્રજના લોકોને અને ગોપીઓને હર્ષ ઉપજાવતા હતા.

(ક્રમશઃ)